હીરાલાલ કૃત સંગીત ચોવીસી.

સર્વ જૈન ભાઇઓને વાસ્તે.

શ્રાવક હીરાલાલ વિ. હંસરાજ.

પરિશિષ્ટ પર્વ તથા વિવેક વિલાસ આદિક ગ્રંથોના
ભાષાંતર કર્તાએ સંસ્કૃત ઉપરથી
ભાષાંતર કરી છપાવી પ્રસિદ્ધ
કર્યું.

મુંબઈ.

[illegible] પ્રીંટીંગ પ્રેસમાં મણીલાલ [illegible]
છાપ્યું.

સંવત ૧૯૪૭ સને ૧૮૯૧.

કિંમત રૂ૦-૧-૬

૪૫૮૨

શ્રી જિનાયનમઃ

રસિક સ્તવન ચોવિસી

શિખરણી છંદ.

ભજો ભવ્યો ભાવે ભુવન વિભુને ભક્તિ ભરથી,
નમો શ્રી ચરિત્ર વિજય ગુરુને ગૌરવ થકી;
લહો લોકો લાવો લવ લગનમાં લાભ લઇને,
જિનેશો ભાખેલા જિન ધરમનો ચિત્ત દઇને. ॥૧॥

---

૧ શ્રી આદિનાથ જિન સ્તવન.

પારસનાથ આધાર, પ્રભુમેરો, પારસનાથ આધાર (એ રાગ)

તું એક જગમાં સાર, પ્રથમ જિન, તું એક જગમાં સાર; તુજવિણ કવણ આધાર. પ્રથમ. ॥૧॥ એ ટેક. અંતર દેવના દિલમાં રહ્યો છે, ક્રોધ સુભટનો વાર. પ્રથમ. ॥ ૨ ॥ તેં દુર કરવા તેહને ધારી, ઉપશમ રૂપ અસિધાર. પ્રથમ ॥ ૩ ॥ તેઓ ચડ્યા છે જોર કરીને, મદગિરિપર નિરધાર. પ્રથમ. ॥ ૪ ॥ તે ગિરિવરને તેં તો માર્યો, માર્દવ વજ્ર પ્રહાર. પ્રથમ. ॥ ૫ ॥ થાશે તે જિનને ચરણે નમ્યાથી, હંસને હર્ષ અપાર. પ્રથમ. ॥ ૬ ॥ ગુરૂ ચારિત્ર વિજય કૃપાથી, જન ઉતરો ભવ પાર. પ્રથમ. ॥ ૭ ॥

---

૨ શ્રી અજિતનાથ જિન સ્તવન.

દશા આ શી થઇ મારી. (એ રાગ)

પ્રભુ આ અર્જ છે મારી, તમે લ્યો તેજ સ્વિ-કારી ॥ એ ટેક ॥ અજિતનાથ પ્રભુ આટલી, અરજ સુણો

મહારાજા દયા ધરી દિલમાં તમે, લાજ રાખજો આજ; કહું હું આ જ પોકારી, ગહન ગતિ છે પ્રભુ તારી૦ ॥ ૧ ॥ કામ લોભને મોહ એ, શત્રુના સરદાર; જોર જેહનું છે ઘણું, આપે દુઃખ અપાર; હરો પ્રભુ તેહને વારી, કરૂં હું આજ લાચારી. ॥ ૨ ॥ તુજ સેવા થકી હંસ આ, ચરણ વિજય સુપસાય; તેમ ધ્યાન ધરી વળી, તારૂં ચિત્ત મોઝાર; લેશે ગતિ મોક્ષની સારી, કહું હું એમ દિલ ધારી. ॥ ૩ ॥

---

૩ સંભવજિન સ્તવન.

મારા દુઃખની કહાણી કહું ઉર આણી સાંભળો સ્વામિનાથ (એ રાગ)

મારા પ્રાણથી પ્યારા દિલના દયાળા સાંભળો સંભવનાથ ॥ એ ટેક ॥ બેકર જોડી વિનતિ કરૂં રે, સાંભળો મારા નાથ. મારાપ્રાણ ॥ ૧ ॥ જગત સહુ તમને ભજે રે, મનમાં ધારી હામ; સેવક શરણે આવ્યો તમારે, કરજો તેહનું કામ. મારાપ્રાણથી૦ ॥ ૨ ॥ ગહન જ્ઞાન છે આપનું પ્રભુ, દયાના દાતાર; દિલમાં ધારી લ્યો ઉગારી, ઉતારો ભવપાર. મારાપ્રાણ૦ ॥ ૩ ॥ એમ સેવા થકી તાહરી, હંસને હર્ષ અપાર; ચરણવિજય ગુરૂની કૃપાથી, થાશે જશ અપાર. મારા પ્રાણ ॥ ૪ ॥

---

૪ અભિનંદનસ્વામિ સ્તવન.

આઇ સાવણ માસ સખીરી (એ રાગ)

અરજ કરૂં અભિનંદન સ્વામિ, તેજ સ્વિકારો મન નન.

કૃપા કરી સેવક શરણું લ્યો, ધ્યાન ધરૂં હું ધનનનન એ ટેક ॥ ૧ ॥ કેશર ચંદન હસ્તે લઇને પૂજું ભાવ ભનનનન, કરૂં આરતી આજ આપની વારી વારી હું હનનનન. ॥ ૨ ॥ સુણો સ્વામિ મહારાજ આજ મો લાજ રાખજો જનનનન, પ્રેમ ધરી ભવપાર ઉતારો તો થાશે સુખ ખનનનન ॥ ૩ ॥ અરજ કરૂં આજે પ્રભુ તુજને, લાવો હંસે સનનનન, ચારિત્રવિજય ગુરૂને વાંદીને, લેશું લાવો વનનનન ॥ ૪ ॥

---

૫ સુમતિ સ્વામિ સ્તવન.

સુણો હિંદુ તખ્ત ધરનાર. (એ રાગ)

સુણો સુમતિ સ્વામિ મહારાજ, અરજ એક કરૂં આજે રે; તમે ઉતારો ભવપાર. અરજ. ॥ ૧ ॥ ટેક ॥ કરો સુખ સેવકને સાર; અરજ૦॥ તમે ધારો દયાળ. અરજ. ॥ ૨ ॥ વળી ત્રણ જગત આધાર; અરજ૦ તુજ મહિમા અપરમ પાર. અરજ. ॥ ૩ ॥ તુ ગુણ ગાએ નરનાર; અરજ૦॥ જેથી લેશે ભવનો પાર. અરજ. ॥ ૪ ॥ લેશે આનંદ હંસ અપાર; અરજ૦.. ગુરૂ ચારિત્ર વિજય સુપસાય. અરજ. ॥ ૫ ॥

---

૬ પદ્મપ્રભુ જિન સ્તવન.

તુજ ઉપર ગુર્જરી પિતા પાદશાહ જાણી (એ રાગ)

મહિમા છે તારો અતિ પદ્મપ્રભુ પ્યારા, નવકાર મંત્રથી જપુ આપની માળા. ॥ ૧ ॥ સંસારિ જીવને આપ તારજો વ્હાલા, કર જોડી કહું આ વાર તમે

છો દયાળા. ॥ ૨ ॥ રહું રાતદિવસ હું ધ્યાન તમારૂં ધારી. પ્રભુ ભજું ભાવથી આજ હૃદયમાં ધારી ॥ ૩ ॥ ભાસે છે જૂઠું જગત ધરમ છે સાચો, એવું જાણી ભવિક જીવ આત્મજ્ઞાનમાં રાચો. ॥ ૪ ॥ એમ ગુણ ગાઇ તુજ હંસ અમરપદ લેશે, વળી ચરણ વિજયની કૃપા ઘણું સુખ દેશે ॥ ૫ ॥

૭ સુપાર્શ્વ જિન સ્તવન.

નમું પદે ગિરજા પતિને. (એ રાગ.)

નમુ સુપાર્શ્વ પ્રભુ તમને. સેવક જાણી દિલમાં આણી, મેહેર કરી મહારાજ; એવું જાણી, દયા આણી, આપો શુભ વાણીને નમુ૦ ॥ ૧ ॥ એ ટેક ॥ આજ અનોપમ અવસર આવ્યો, પ્રભુ ભજુ હું ભાવે; દયા ધારી, કહું વારી, આપો શુભ જાણીને. નમુ૦ ॥ ૨ ॥ અરજ કરૂં એવી પ્રભુ આજે, આવી શરણ તમારે; સુખકારી, પ્રેમ ધારી, તારો સવિ પ્રાણિને. નમુ૦ ॥૩॥ હંસ એમ સેવે પ્રભુ આજે, ચરણ વિજય સુપસાએ કૃપા ધરી, મેર કરી, આપો સુખ અમને. નમું. ॥૪॥

૮ ચંદ્રપ્રભ સ્તવન

સહીયર દુઃખ શું દાખવું (એ રાગ)

ચંદ્રપ્રભુ આ માહરા, સુણો વિનતિ આવાર; સેવક શરણેરે આવીયો, ઉતારો ભવપાર. ચંદ્રપ્રભુ૦ ॥૧॥ એ ટેક ॥ શ્યારે કાજે કીધાં કર્મ મેં, જેથી ડુબ્યો આવાર, દયા કરો અમ ઉપરે, મારા હૈયાના હાર.

ચંદ્રપ્રભુ૦ ॥ ૨ ॥ વારી વારી હવે શું કહું, કહેતાં ના આવે પાર, થોડાથી સમજો તમેં ઘણું, મુજને તારો આ ધાર. ચંદ્રપ્રભુ ૦॥ ૩ ॥ તુજ સેવા વળી હંસ આ, ધારે ચિત્ત મોઝાર, ચારિત્ર વિજયની કૃપાથકી, લેશે મુગતિ આ વાર. ચદ્રપ્રભુ ૦॥ ૪ ॥

---

૯ સુવિધિનાથ સ્તવન.

રાજુલ પોકારે નેમ, પાયા એસો કયા કરી. (એરાગ)

નમું સુવિધિ નાથને, હું પ્રેમ આદરી, મને શરણે લ્યો કૃપાકરી, દિલે દયા ધરો નમુ૦ ॥ ૧ ॥ એ ટેક ॥ છો આપતો કૃપાળ, દિનદયાળ છો ખરા; કહું આજ રાખો લાજ પ્રભુ, પ્રેમી માહરા. નમું ૦॥ ૨ ॥ હું ભક્ત છું પ્રભુ આપનો, તેથી કૃપા કરો; ભવપાર ઉતારો તમે, દુઃખ દાસનું હરો. નમું ૦॥ ૩ ॥ તુજ સેવાથકી પ્રભુ, આ હંસને સુખ અપાર; ચારિત્રવિજયની કૃપાથી, લેશે ભવનો પાર. નમું ૦॥ ॥ ૪ ॥

---

૧૦ શીતલનાથ સ્તવન.

નારાયણ નરસિંહ નરોત્તમ (એ રાગ)

શીતલનાથ મહારાજ આજ એક, અરજ કરૂં હું પ્રેમ ધરીરે. શીતલનાથ ૦॥ ૧ ॥ એ ટેક ॥ દયા કરો સેવકપર દિલથી, ભવસાગરનું દુઃખ હરીરે. શીતલનાથ૦ ॥ ૨ ॥ મન માયામાં વળગી રહ્યું છે, કામ લોભ મદ મોહ ગ્રહીરે. શીતલનાથ ૦॥ ૩ ॥ એ શત્રુથકી મુજને ઉગાર, ભક્તિ કરૂં તુજ શરણ રહીરે. શીતલ

નાથ૦ ॥ ૪ ॥ ચરણમુનિવરનીજ કૃપાથી, હંસને આનંદની લહરીરે. શીતલનાથ ૦॥ ૫ ॥

---

૧૧ શ્રેયાંસ જિન સ્તવન.

આનંદ કંદ પૂજતાં જિનંદ ચંદ હું (એ રાગ)

શ્રેયાંસનાથ આપને હું ભાવથી ભજું. કૃપાકરો તમેંજ આજ વિનંતિ કરૂં. શ્રેયાંસનાથ ॥ એ ટેક ॥ છો દયાળ આપ આજ [illegible]જો મને, કહું હું હાથ જોડીને, સુણો પ્રભુ તમેં. શ્રેયાંસના૦ ॥ ૨ ॥ ભવપાર ઉતારો પ્રભુ તમેં કૃપા કરી, દુઃખ દાસનું વળી હરો, દયા દિલે ધરી. શ્રેયાંસનાથ ૦॥ ૩ ॥ હોંશ કરી તાહરૂં આ સ્તવન મન મોઝાર, ગુરૂ ચરિત્રવિજય કૃપાથી લેશે ભવનો પાર. શ્રેયાંસનાથ ૦॥ ૪ ॥

---

૧૧ વાસુપૂજ્યજિન સ્તવન.

રાગ વાણુઝારા (અથવા)તમેં સાંભળજો નરનારી
(એ રાગ)

વાસુ પૂજ્ય પ્રભુ એ હમારી, આ અરજ સુણો હિતકારી એ ટેક ॥ ભવસાગરમાં હું ભમું છું, કામ ક્રોધની સાથે રમું છું રે, મનમાં બહુ પ્રેમ વધારી. આ અરજ૦ ॥ ૧ ॥ પણ સેવકને તમેં તારો, આ ભવથકી પાર ઉતારોરે, કહું બે કર જોડી હું વા-રી. આ અરજ ૦॥ ૨ ॥ મને એક આધાર તમારો, તેથી આવી પ્રભુ ભવ તારોરે, કહું કહું શું વારંવારી. આ અરજ૦ ॥ ૩ ॥ એમ અરજ કરી મેં આજે, મુજ હંસને

આનંદ કાજે રે, ગુરૂ ચારિત્ર વિજય દિલધારી. આ અરજ૦ ॥ ૪ ॥

૧૩ વિમલનાથ જિન સ્તવન.

રાગ ઓખા હરણનો (અથવા) પ્રભુ પાર્શ્વનું મુખડું રે જોવા (એ રાગ)

કહું વિમલનાથ પ્રભુ આજે, લોક લાજની દાઝને કાજે. ॥ ૧ ॥ એ ટેક ॥ આ અરજ સુણો પ્રભુ મારી, આવે શરણે તારે નરનારી ॥ ૨ ॥ તુજ મહિમાનો નહીં પાર, કહે સેવક તુજને આ વાર. ॥ ૩ ॥ પ્રભુ તારજે દાસને જાણી, જોડી વિનતિ કરૂં મુજ પાણી. ॥ ૪ ॥ તુજ સેવા થકી આ વાર, હંસ લેશે ભવનો પાર. ॥ ૫ ॥ જન ચારિત્ર વિજય મન રેજો, નરભવનો લાહ્યો લેજો. ॥ ૬ ॥

૧૪ અનંત જિન સ્તવન.

લલિત છંદ.

અનંત, નાથરે શું કહું તને, તાર જે હવે, પાપથી મને. ॥ એ ટેક ॥ ૧ ॥ અરર આ પ્રભુ! પાપ પાપ મેં કર્યાં, નથી હજુ સુધી તેહ તો ખર્યાં ॥૨॥ પણ સેવા થકી, તાહરી હવે, તરશું હું ખરે, આજ આ ભવે. ॥ ૩ ॥ વિનતિ એટલી, આપને કરૂં, સ્તવન તાહરૂં, ચિત્તમાં ધરૂં. ॥ ૪ ॥ તુજ સેવા કરે, હંસ પ્રેમથી, ચારિત્ર વિજયના સુપસાયથી. ॥ ૫ ॥

૧૫ ધર્મનાથ જિન સ્તવન.

કામળ મારી નથીરે કામળ મારી નથી (એ રાગ)

સુણો ધરમનાથ મહારાજ, હું તો શરણે આવ્યોરે; હું તો શરણે આવ્યોરે, હું તો શરણે આવ્યો રે. સુણો૦ ॥ ૧ ॥ એ ટેક ॥ ભવ સાગરમાં ફોગટ ફેરા, મારૂં હું દિનરાત; તુજ સેવામાં દિલ નવ ધારૂં, એ છે મારી વાત. સુણો૦ ॥ ૨ ॥ કામ ક્રોધ મદ મત્સર એ તો મારા છે વળી સાથ; એ દુષ્ટોથી મને ઉગારો, આવી મારા નાથ. સુણો૦ ॥ ૩ ॥ માયાતણા મંદિરીઆ માંહે, વાસ કરૂં મહારાજ; ધર્મ નામને હું નવ જાણું, એ છે મારૂં કાજ. સુણો૦ ॥ ૪ ॥ અરજ એમ તુજ દિલમાં ધારી, હંસ કહે આવાર; ચરણ વિજય ગુરૂતણી કૃપાથી, લેશો ભવનો પાર. સુણો૦ ॥ ૫ ॥

---

૧૬ શાંતિનાથ જિન સ્તવન.

ભેખરે ઉતારો રાજા ભરથરી. (એ રાગ.)

શાંતિ આપોરે શાંતિનાથજી ॥ એ ટેક. ॥ શાંત સ્વભાવે સુણો તમે, શાંતિ રૂપના ભંડારજી; શાંતિ શાંતિરે શાંતિ શું કહું, દીનના છો દયાળજી. શાંતિ આપો રે. ॥ ૧ ॥ શાંતિનાથ પ્રભુ માહરા, આવ્યો શરણે હું આજજી; શાંતિ કરો આ સંસારમાં, તોડો માયાનો પાસજી. શાંતિ આપો રે૦॥ ૨ ॥ શાંત છબિરે શાંત રૂપ છે, શાંત ગુણના નિધાનજી; શાંત સ્વભાવ છે આપનો, શાંત શાંત ને શાંતજી. શાંતિ આપોરે૦ ॥ ૩ ॥ ધર્મનો મર્મ જાણી તમે, આપો શર્મ દયાળજી; વારી વારી હવે

શું કહું, સર્વે જાણોછો આપજી. શાંતિ આપો રે. ॥૪॥ તુજ સેવા થકી હંસ આ, લેશે મુક્તિનો પંથજી; ચારિત્ર વિજયની કૃપા થકી, જાશે પાપ અપારજી. શાંતિ આપો રે૦ ॥ ૫ ॥

---

૧૭ કુંથુંનાથ સ્તવન.

રાગ, કલ્યાણ.

નમો નમો નમો, નમો નમો નમો, કુંથુંનાથ નાથને, નમો. ॥ એ ટેક ॥ મોક્ષે પોતા જે જીતીને, કર્મ વેરીનો વાર; ગુણ ગાએ જેના સુરલોકો લાવી હર્ષ અપાર. નમો૦ ॥ ૧ ॥ ક્રોધ માન માયાદિક વેરી, જેનું જોર અપાર; ઉપશમ રૂપ અસિની ધારાથી, કીધા જેણે ઠાર. નમો૦ ॥ ૨ ॥ છોડયો છેટે છિટકારોને, કામ વિષયનો વાર; ધ્યાન ધરીને મુક્તિ કમલા, ધારી મન મોઝાર. નમો૦ ॥ ૩ ॥ તુજ સેવાથકી થાશે આજે, હંસને હર્ષ અપાર; ચરણવિજય ગુરૂતણી કૃપાથી, હોશે મંગળમાળ. નમો૦ ॥ ૪ ॥

---

૧૮ અરનાથ જિન સ્તવન.

સદેવંત વેહેલા ઉઘાડોને બાર (એ રાગ)

અરનાથ મહારાજ, આવી એક અરજ સુણો ને; બીજી નવ કહું વાત. આવી ૦॥ ૧ ॥ એ ટેક ॥ કામ તમારૂં માહરે, સુણોને મહારાજ; ભવસાગરમાં ભૂલો પડયો, આવી તારો અમારા નાથ. આવી ૦॥ ૨ ॥ તમને પ્રેમે વિનવું, દયા કરોરે દયાળ; કીધાં

કર્મ ખોટાં અમેં, તમે માફ કરોને મહારાજ. આવી ॥ ૩ ॥ તુજ સેવા થકી હંસ આ, સુખ પામે અપાર; ચારિત્ર વિજયની કૃપાથકી, જાશે મુક્તિ મોઝાર. આવી. ॥ ૪ ॥

---

૧૯ મલ્લીનાથ જિન સ્તવન.

કુસુમ માલસેં જો જિન પૂજે (એ રાગ)

મલ્લીનાથ પ્રભુ મેર કરોરે, સેવક શરણેરે આવ્યો તમારે; મલ્લીનાથ ॥ એ ટેક ॥ માયાને મન વળગી રહ્યું છે, ચિત્ત અમારૂં રે તુજમાં રહ્યું છે. મલ્લીનાથ ॥ ૧ ॥ ભવસાગરમાં ભમતો ફરૂં છું, પાપ કરમરે હું પોતે કરૂં છું. મલ્લીનાથ ॥ ૨ ॥ એ દુઃખમાં તમેં મુજને ઉગારો, તેમ વળી ભવસાગર તારો. મલ્લીનાથ ॥ ૩ ॥ દુષ્ટ કરમથી હું રે દબાણો, ભવસાગરમાં રે જાઉં તાણ્યો. મલ્લીનાથ ॥ ૪ ॥ ગુરૂ ચારિત્રવિજય કૃપાથી, હંસ આ શરણે રે આવ્યો તમારે. મલ્લીનાથ ॥ ૫ ॥

---

૨૦ મુનિસુવ્રતનાથ જિન સ્તવન.

મને સંસાર શેરી વિસરી રે લોલ. (એ રાગ)

મુનિસુવ્રતનાથને હું નમું રે લોલ, તારો તમેં મને ભવ પાર જો; તમને વારી વારી હું શું કહું રે લોલ, જાણું તમને હું તારણ હારજો. મુનિસુવ્ર.॥ ૧ ॥ એ ટેક ॥ જૂઠી માયા જૂઠો સંસાર છે રે લોલ, જૂઠાં સગાં તે માતને તાતજો; મને આધાર એક પ્રભુ તાહરોરે

મ

લોલ, તેથી કાપ અમારાં પાપજો. મુનિસુવ્રત૦ ॥ ૨ ॥ એવું ધારી આ હંસ તને ભજે રે લોલ, ભજી ધારે હૃદયમાં નેહજો; ગુરૂ ચારિત્ર વિજયની કૃપા થકી રે લોલ, લેશે મુકિત રમાનો નેહજો. મુનિસુવ્રત૦ ॥ ૩ ॥

---

૨૧ નમિનાથ જિન સ્તવન.

તમેં પરણ્યા કે કુંવારા લાલ, અચરકમચરક કારેલી (એ રાગ.)

નમીનાથ નમો દિલ ધારીરે, શું કહું હું તમને વારી. ॥ ૧ ॥ એ ટેક ॥ જેની શરીર શોભા સારીરે. શું કહું૦ ॥૨॥ જેને પૂજે જગત નરનારીરે. શું કહું૦ ॥ ૩ ॥ જેનો જશ જગતમાં જાગેરે. શું કહું૦ ॥૪॥ જેનું નામ લેતાં દુઃખ ભાગેરે. શું કહું૦ ॥ ૫ ॥ સેવો તેને ભવિક જીવ આજેરે. શું કહું૦ ॥ ૬ ॥ તેને પૂજી અમરપદ જાજેરે. શું કહું૦ ॥ ૭ ॥ એમ હંસ ગાએ ગુણ તારારે. શું કહું૦ ॥ ૮ ॥ ગુરૂ ચારિત્ર વિજય સુખ કારારે. શું કહું૦ ॥ ૯ ॥

---

૨૨ નેમીનાથ જિન સ્તવન,

મેતાજી મને મેહેર કરી રજા આપોરે (એ રાગ)

નમું હું નેમિનાથ પ્રભુ પ્યારા મારારે. પ્યારા મારારે પ્રભુજી પ્યારા મારારે. નમું હું૦॥ એટેક ॥ નમું હું ભાવે આજે, મોક્ષ મેળવવા કાજે, બોલું છું એક અવાજે. નમું હું૦ ॥૧॥ છે જગમાં તુજ આધાર, તુજ મહિમાનો નહીં પાર, આ અરજ દાસની ધાર. નમું હું૦ ॥ ૨ ॥ એમ નમે હંસ તુજ પાય, તુજ સેવામાં મન થાય, ચરણ મુનિ સુપસાય. નમું હું૦ ॥ ૩ ॥

---

૨૩ પાર્શ્વજિન સ્તવન.

સુણો દિલ્હિ તખ્તધરનાર. (એ રાગ)

સુણો પાર્શ્વનાથ મહારાજ, મેહેર કરો તમેં આ-જરે; જોડી હું કહું છું મુજ હાથ. મેહેર ૦॥ ૧ ॥ સેવકને કરજો સાર. મેહેર ૦॥ તુજ મહિમાનો નહીં પાર. મેહેર ૦॥ ૨ ॥મેં ગુણ ગાયા તુજ આજ. મેહેર ૦॥ જેથી સરશે સઘળાં કાજ. મેહેર ૦॥ ૩ ॥ એમ વિનતિ તું મનમાં ધાર. મેહેર. જેથી લેશું ભવનો પાર. મેહેર ૦॥ ૪ ॥ કરો હંસને તેમ સહાય. મેહેર. ગુરૂ ચરણ વિજય સુપસાય. મેહેર૦ ॥ ૫ ॥

---

૨૪ માહાવીર જિન સ્તવન.

કામળ મારી નથી રે કામળ મારી નથી (એ રાગ)

ભજો ભજો ભવિક જીવ ભાવથકી, ભજો ભાવથકી રે ભજો ભાવથકી. ભજો ભજો ૦॥ ૧ ॥ એ ટેક ૦॥ મ-હાવીર પ્રભુ સેવક શરણે, આવ્યો છે વળી આજ; દિન એ જાણી દયાજ આણી, રાખો મારી લાજ. ભજો ભજો ૦॥ ૨ ॥ આ ભવસાગર પાર ઉતરો, મોક્ષ મે-ળવવા કાજ; જ્ઞાન માર્ગ મુજને દેખાડો, કરો તમેં એ કાજ. ભજો ભજો ૦॥ ૩ ॥ હંસ કરે સેવા તુજ આજે, રાખી મન મોઝાર; ચરણ વિજયને વાંદી લેશે, ભવ-સાગરનો પાર. ભજો ભજો૦॥ ૪ ॥

સેત્રુંજયગિરિ સ્તવન.

સહીયર દુઃખ શું દાખવું (એ રાગ)

સેત્રુંજય ગિરિવર નમું, જિહાં સિધ્યા અનંત; જ-ગમાં મહિમા છે જેહનો, ગાએ સુરપતિવૃંદ. સેત્રુંજય૦ ॥

૧ ॥ અતિ ઉત્તમ એ તીર્થ છે, જેની જગમાં નહીં જોડ; શોભા જેહની છે ઘણી, તેમાં નથી કાંઇ ખોડ. સેત્રુંજય૦॥ ૨ ॥ જેન પ્રાસાદ તો જેહનાં, ઉંચાં નભતલે જાય; માનું હું સ્વર્લોક જીતવા, કર્યો તેણે ઉપાય. સેત્રુંજય૦ ॥ ૩ ॥ તેને નમ્યાથી તો થશે, આનંદ હંસ અપાર; તેમ ચારિત્ર મુનિ કૃપા, દેશે ભવતણો પાર. સેત્રુંજય૦ ॥ ૪ ॥

ગિરિનારજી સ્તવન.

આનંદકંદ પૂજતાં જિનંદચંદ હું (એ રાગ)

નમું ગિરિગિરનારને હું આજ પ્રેમથી, હૃદયમાં થશે વળી આનંદ જેહથી. નમું૦ ॥ ૧ ॥ એ ટેક॥ જ્યાં પ્રભુ નેમનાથજીએ સેસાવનમોઝાર, રાજુલ રમણીને તજીને લીધું સંયમવાર. નમું૦ ॥ ૨ ॥ તે થકી અતિ પવિત્ર તેહ ધામ તો કહેવાય, જ્યાં વળી જાત્રાળુ જનના થોકના થોક જાય. નમું૦ ॥ ૩ ॥ એ ગિરિવરને નમ્યાથી આનંદ હંસ અપાર, ગુરૂ ચારિત્ર વિજયકૃપાથી લેશે ભવનોપાર. નમું૦ ॥ ૪ ॥

સમેતશિખરજી સ્તવન.

રાગ પ્રભાત.

ભાવથી વંદીએ સમેત શિખર જઇ, જ્યાં વસે જિન તણી મૂર્તિસારી. ભાવથી૦॥ ૧ ॥ એ ટેક॥ રટણ કર તે તણું, પુણ્ય થાશે ઘણું, જે થકી જીવ ભવપાર તરશે. ભાવથી ૦॥ ૨ ॥ મોક્ષનું મૂળ એ, પ્રેમથી વંદીએં; તેથી નિઃકંદીએં પાપ સર્વે ભાવથી૦ ॥ ૩ ॥ એ ગિરિવર નમી, હંસ મોક્ષે ગમી, ચરણ વિજય તણા સુપસાએ. ભાવથી૦ ॥ ૪ ॥

આબુગિરિ સ્તવન.

મેતાજી મને મેર કરી રજા આપોરે. (એ રાગ)

આબુજી ગિરિવરને હું ભાવે નમું રે. એ ટેક૦॥ આબુજી જ્યારે જઇએ, ત્યારે નામ પ્રભુનું લઇએ, વળી પાપ વિનાના થઇએ. આબુ૦ ॥૧॥ જ્યાં વિમલશાહનું દેરૂં, આદેશ્વર પ્રભુજી કેરૂં; તેને તુલ્ય ન કોઇ અનેરૂં. આબુ૦ ॥ ૨ ॥ ત્યાં વસ્તુપાલ તેજપાલે, એક દેરૂં કર્યું મતિવાલે. તે શોભા ઘણેરી આલે. આબુ૦ ॥ ૩ ॥ એમ જે જન ગિરિગુણ ગાશે, તસહંસ અમરપદ જાશે; વદે ચરણ મુનિ સુખ થાશે. આબુ૦॥૪॥

અષ્ટાપદજી સ્તવન.

હાંરે મારે જોબનીઆનો લટકો દહાડા ચારજો (એ રાગ)

અષ્ટાપદ ગિરિવરને પ્રેમ થકી નમું, ભારે ભવસાગરને તરવા કાજજો. અષ્ટાપદ૦ ॥ ૧ ॥ એ ગિરિવરનો, મહિમા મોટો જાણજો, ચોવીસે તીર્થંકર કેરા વાસજો અષ્ટાપદ૦ ॥ ૨ ॥ મોટામાં મોટું એ ઉત્તમ સ્થાન છે માટે સૌ જનને એ ભજવા કાજજો. અષ્ટાપદ૦ ॥૩॥ જે ગિરિવરને નમવા આવે દેવતા, ભાવ કરીને ધરી હૃદયમાં નેહજો. અષ્ટાપદ૦ ॥ ૪॥ એ ગિરિવરને હંસ નમે પ્રીતે કરી, સુખ લેશે ચરણ મુનિવરના સુપસાએજો. અષ્ટાપદ૦ ॥ ૫ ॥

॥ શ્રાવકની કરણીની સઝાય. ॥

શ્રાવક તું ઉઠી પરભાત, ચાર ઘડી લે પાછલી રાત; મનમાં સમરે શ્રીનવકાર, જિમ પામો ભવ સાગર પાર. ૧ કવણ દેવ કવણ ગુરૂ ધર્મ, કવણ અમારે

છે કુલકર્મા, કવણ અમારે છે વ્યવસાય, એહવું ચિંતવજો મનમાંય. ૨ સામાયક લેઇ મન શુદ્ધ, ધર્મ તણી હયડે ધરી બુદ્ધ; પડીકમણું કરજે રયણી તણું, પાતિક આલોજે આપણું. ૩ કાયા શકિત કરો પચખાણ, સુધે પાલો જિનવર આણ; ભણજે ગુણજે તવન સજ્ઝાય, તેણ હુંતી નિસ્તારો થાય. ૪ ચીતારે નિત ચૌદ નિયમ, પાલે જીવ દયા તિહાં સીમ; પ્રભાતે ઉઠી ચોવીસંથો કરે, અનંત ચોવીસી ધ્યાનજ ધરે. ૫ દેહરે જાઇ જુહારો દેવ, દ્રવ્ય ભાવથી કરજો સેવ; પૂજા કરતાં લાભ અપાર, પ્રભુજી મોટા મુકિત દાતાર. ૬ ઉપાસરે ગુરૂ વંદણ જાય, સુણજે વખાણ સદા ચિત લાય; નિરદુષણ સુજતો આહાર, સાધુને દેજો સુવિચાર. ૭ સામી વચ્છલ કરજે ઘણા, મોટા સગપણ સ્વામી તણાં; દુ:ખીયા હીણા દીણા દેખ, કરજે તાસ દયા સુવિશેષ. ૮ ઘર સારૂં તું દેજે દાન, મોટા સ્યું મકરો અભિમાના ગુરૂને મુખ લેઇ આખડી, ધર્મ મ મેલીશ એકે ઘડી. ૯ વારૂ સુધ કરજે વ્યાપાર, ઓછા અધિકાનો પરિહાર; મ ભરિશ કેહેની કુડી સાખ, કુડા મુખથી કથન મ ભાખ. ૧૦ અનંતકાય કહીયે બત્રીસ, અભક્ષબાવીસે વિશ્વાવીસ; એ ભક્ષણ નવિ કીજે કિમેં, કાચા કુણા ફલ મત જમેં ૧૧ રાત્રીભોજનનો બહુ દોષ, જાણીને કરજો સંતોષ; સાજી સાબુ લોહ ને ગલી, મધ ધાવડી મત વેચો વલી. ૧૨. વલી મ કરાવો રંગણપાસ, દૂષણ ઘણાં કહ્યાં છે તાસ; પાણી ગલજો બેબે વાર, અનગળ પીતાં દોષ અપાર. ૧૩ જિન વાણીની કરે જતન, પાતીક છાંડી કરજો પુન્ય; છાંણાં ઇંધણ ચૂલો જોય, વાવરજો જીમ પાપ ન હોય. ૧૪ ઘૃતની પરે વાવરજો નીર, અનગલ નીર મ ધોજો ચીર; બાર વ્રત સુધા પાલજે, અતીચાર સઘલા ટાલજે. ૧૫ કહીયે પનરે ક-

માદાન, પાપ તણી પરહરજ્યો ખાણ; શીસ મ લેજો અનરથદંડ, મિથ્યામેલમાં મ ધોજો પિંડ. ૧૬ સમકીત સુધ હીયડે રાખજે, બોલ વીચારીને નાખજે; ઉત્તમ ઠામે ખરચો વિત્ત, પર ઉપગાર ધરે શુદ્ધ ચિત્ત. ૧૭ તેલ તક્ર ઘૃત દૂધ ને દહી, ઉઘાડાં મત મેલો સહી; પાંચે તિથ મ કરો આરંભ, પાળો સીલ તજો મન દંભ. ૧૮ દિવસ ચરમ ઘડી છતે ચોવીહાર, ચારે આહાર તણો પરિહાર; ચાર સરણાં કરી દ્રઢસું જે, સાગારી આગસાણ લેજે. ૧૯ કરે મનોરથ મન એહવાં; તીરથ સેત્રુંજા જેહવાં; સમેતશિખર આબુ ગિરનાર, જે ભેટે તે ધન અવતાર. ૨૦ શ્રાવકની કરણી છે એહ, એહથી લહીએ ભવનો છેહ, આઠે કર્મ કરી પાતલાં; પાપ તણાં છુટે આમલા. ૨૧ વારૂ લહીયે અમર વિમાન, અનુક્રમે લહીયે શિવ પુર ઠામ; કહે મુનિ કાન સીખામણ એહ, ઉત્તમ જીવ પાલો ધરી નેહ. ૨૨.

ઇતિ જામનગર નિવાસી શ્રાવક હીરાલાલ વિ. હંસરાજે ગુરૂ મહારાજ શ્રી ચારિત્રવિજયજીની કૃપાથી પોતાના પિતાના નામના સ્મરણાર્થે આ સ્તવન ચોવીસી બનાવીને છપાવી પ્રસિદ્ધ કરી. સંવત ૧૯૪૭ ફાગણ સુદ ૮ બુધે.

સમાપ્ત.

વિજ્ઞપ્તિ.

સર્વે જૈન બંધુઓને નિવેદન કરવાનું કે કોઈ પણ સંસ્કૃત ગ્રંથનું ગુજરાતી ભાષાંતર કરાવવાની જેઓને આકાંક્ષા હોય તેઓએ નીચે સહી કરનારને પત્રદ્વારાએ અથવા જાતે મળી ખુલાસો કરવો.

નીચે જણાવેલાં પુસ્તકો અમારા તરફથી કીંમત મોકલી આપતાં નીચે જણાવેલી જગાએથી મળશે.

	કીંમત રૂ.	પોસ્ટેજ
અમરદત્ત મિત્રાનંદ ચરિત્ર	૧ા	૦।—
ધનદ ચરિત્ર	૦॥	૦)૦॥
મંગળકળશ ચરિત્ર	૦=	૦)॥
કુમારપાળ તથા હેમાચાર્યજી મહારાજ ચરિત્ર	(છપેછે)	

પુસ્તકો મળવાનાં ઠેકાણાં

મુંબઈ—અમારે ત્યાં ભીંડીબજાર પારસી સોરાબજીની ચાલીમાં

મુંબઈ——મી. ફતેચંદ કપૂરચંદ લાલન ડીન સ્ટ્રીટ ઘર નં ૮૪

જામનગર—શા૦ હંસરાજ શામજી ચોરીવાળા ડેરા પાસે

તથા બીજા ગામોની જૈનશાળાઓમાંથી મળશે.

હીરાલાલ વિ. હંસરાજ જામનગરવાળા.

વક્તા—સભામાં ઉભા રહી છટાદાર ભાષણ કરવાના ઉત્તમ નમુનારૂપ આ ભાષણ કળાનો ગ્રંથ તેના યોજક મી૦ ફતેચંદ કપૂરચંદ લાલન અમારા સ્નેહી તરફથી થોડા વખતમાં બહાર પડશે. આગળથી ગ્રાહક થનાર પાસેથી પોસ્ટેજ સુધાં રૂ.૧)